પંચમહાલ જિલ્લાના ગોધરા પંથકમાં સ્થાનિક સ્વરાજ્યની આગામી **ચૂંટણીને પગલે રાજકીય ગરમાવો**

ઉમેદવારોની જાહેરાત થતાંની સાથે જ સ્થાનિક કાર્યકરોમાં ભારે **ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે**

# પંચમહાલ જિ.પં., ગોધરા તા. પં.ના ભાજપના ઉમેદવારો જાહેર

(પ્રતિનિધિ) ગોધરા તા.10

સમગ્ર ગુજરાતમાં આગામી સમયમાં રાજય ચુંટણી આયોગ ધ્વારા રાજયમાં મહાનગરપાલિકાઓ, નગર પાલિકાઓ તથા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોની સામાન્ય પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ. યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે ત્યારે રાજકીય પક્ષો દ્વારા પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની કવાયત તેજ કરવામાં આવી છે. આ જ ક્રમમાં ભારતીય જનતા પાર્ટીએ પંચમહાલ જિલ્લા પંચાયતની આગામી ચૂંટણી માટે પોતાના ૩૮ ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરી દીધી છે જેના પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માજીના અધ્યક્ષસ્થાને મળેલી પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠકમાં થયેલી વિસ્તૃત ચર્ચા અને મંથન બાદ આ નામો પર અંતિમ મહોર મારવામાં આવી હતી.પંચમહાલ જિલ્લા પંચાયતની તમામ ૩૮ બેઠકો માટે ભાજપ દ્વારા સક્ષમ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. જાહેર કરાયેલી આ યાદીમાં અંબાલી, અણીયાદ, અસારડી, મોરા, ગોલ્લાવ, શિવરાજપુર અને પાલ્લા સહિતની તમામ બેઠકો પર સ્થાનિક સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોને ટિકિટ ફાળવવામાં આવી છે.પક્ષ દ્વારા ઉમેદવારો જાહેર કરીને ચૂંટણી પ્રચારમાં લીડ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઉમેદવારોના નામની જાહેરાત થતાં જ ટિકિટ મેળવનાર ઉમેદવારો અને તેમના સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તેઓએ પોતાના મતવિસ્તારોમાં પ્રચાર-પ્રસારની કામગીરીના શ્રીગણેશ પણ આવતી કાલથી કરી દેશે ભાજપની આ જાહેરાત બાદ હવે પંચમહાલ જિલ્લામાં ચૂંટણી જંગ વધુ રસપ્રદ અને રસાકસીભર્યો બની રહેશે. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીને પગલે ગોધરા પંથકમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા પંચમહાલ જિલ્લા પંચાયત બાદ સાથે જ ગોધરા તાલુકા પંચાયતની આગામી ચૂંટણી માટે પણ પોતાના તમામ ૩૨ સક્ષમ ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરી દેવામાં આવી છે.ગુજરાત પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા બાદ આ નામો પર અંતિમ મહોર મારવામાં આવી છે. ઉમેદવારોની જાહેરાત સાથે જ સ્થાનિક કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

## સિંગવડ તાલુકા પંચાયતની 18 બેઠકો માટે ભાજપના ઉમેદવારો

| ક્રમ | બેઠક | ઉમેદવાર | ક્રમ | બેઠક | ઉમેદવાર |
|---|---|---|---|---|---|
| 1. | અગારા (ર) | ચેતનાબેન હર્ષદભાઈ જયસ્વાલ | 10. | પહાડ | વેચાદભાઈ છગનભાઈ બારીયા |
| 2. | છાપરવડ | દિનેશભાઈ સરતનભાઈ ભગોરા | 11. | પતંગડી | હંસાબેન રાજેશભાઈ બારીયા. |
| 3. | દાસા | અશ્વિનભાઈ બચુભાઈ ભગોરા | 12. | પીપળીયા(ર) | જયશ્રીબેન દીપકભાઈ પરમાર |
| 4. | મછેલાઈ | પ્રતાપભાઈ રૂપસિંગભાઈ ભુરીયા | 13. | સરજુમી | શાંતાબેન અલ્કેશભાઇ હઠીલા |
| 5. | મલેકપુર | કનુભાઈ હીરાભાઈ બારીયા | 14. | સિંગાપુર | કિંજલબેન અજીતભાઈ ડામોર |
| 6. | મંડેર (ર) | કાંતાબેન સરતનભાઈ ડામોર | 15. | સિંગવડ | મંજુલાબેન સુરેશકુમાર ચૌહાણ |
| 7. | મેથાણ 1 | નિર્મળાબેન નરવતભાઈ ભાભોર | 16. | સુડીયા | નિરાલી બેન અમિતભાઈ બારીયા |
| 8. | મેથાણ 2 | રાધાબેન સરતનભાઈ ડામોર | 17. | તારમી | નિકુંજકુમાર સુક્રમભાઈ માલીવાડ |
| 9. | નાની સંજેલી | અમરસિંહ રૂમાલભાઈ વાદી | 18. | વાલાગોટા | જશવંતસિંહ ખુમાનસિંહ ડામોર |

## પંચમહાલ જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવારોની યાદી

| ક્રમ | જિ. પં. સીટ | ઉમેદવાર | ક્રમ | જિ. પં. સીટ | ઉમેદવાર | ક્રમ | જિ. પં. સીટ | ઉમેદવાર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અંબાલી | રમણભાઈ મોહનભાઈ રાઠવા | ૧૪. | કાનપુર | કૈલાશબેન ઘનશ્યામસિંહ પરમાર | ૨૭. | સાલીયા | લલીતાબેન તખતસિંહ પટેલ |
| ૨. | અણીયાદ | રેવાબેન કનુભાઈ પરમાર | ૧૫. | કરોલી | નિરૂબેન ધર્મેન્દ્રસિંહ પરમાર | ૨૮. | સામલી | રાજેશકુમાર નારણભાઈ પરમાર |
| ૩. | અસારડી | લક્ષ્મીબેન વિનોદભાઈ ભગોરા | ૧૬. | ખરોડ | જોગેન્દ્રસિંહ માવસિંહ બારીઆ | ૨૯. | સાંપા | ધર્મિષ્ઠાબેન મનોજકુમાર બારીઆ |
| ૪. | બાકરોલ | મીનાક્ષીબેન વિપુલભાઈ પરમાર | ૧૭. | મંગલીયાણા | રાકેશભાઈ પર્વતભાઈ ચૌહાણ | ૩૦. | શિવરાજપુર | મીનાબેન ઠાકોરભાઈ પરમાર |
| ૫. | બોરીયા | મગનભાઈ વિરમભાઈ પટેલીયા | ૧૮. | મોરા | હિતેશકુમાર નટવરલાલ રાજભોઇ | ૩૧. | સીમલીયા | મનજીભાઈ અંદરસિંહ તડવી |
| ૬. | દલવાડા | નંદાબેન રાકેશભાઈ ડામોર | ૧૯. | મોરવા(હ) | લલીતાબેન દિનેશભાઈ પટેલ | ૩૨. | તલાવડી | વિપુલકુમાર મનુભાઈ બારીઆ |
| ૭. | ધામણોદ | અલ્પેશકુમાર રતનસિંહ નાયકા | ૨૦. | નદીસર | હેમંતકુમાર મદનસિંહ પુવાર | ૩૩. | તરખંડા | મહેન્દ્રસિંહ દલપતસિંહ ચાવડા |
| ૮. | એરાલ | મનિષાબેન જયંતિભાઈ નાયક | ૨૧. | નાંદરવા | પ્રતાપભાઈ વાઘાભાઈ નાયકા | ૩૪. | વાડી | સુરેશકુમાર મહોબતસિંહ સોલંકી |
| ૯. | એરંડી | દિવ્યાબેન અનિલકુમાર ભીલ | ૨૨. | ઓરવાડા | જયશ્રીબેન અરવિંદસિંહ પરમાર | ૩૫. | વંડેલી | મહેન્દ્રકુમાર હિમ્મતસિંહ બારીઆ |
| ૧૦. | ગોલ્લાવ | દક્ષાબેન અલ્પેશકુમાર બારીઆ | ૨૩. | પાલ્લા | ગાયત્રીબેન અશ્વિનકુમાર સોલંકી | ૩૬. | વાવકુલ્લી | ભારતસિંહ દામાભાઈ બારીઆ |
| ૧૧. | જાંબુઘોડા | કવિતાબેન શંકરભાઈ બારીઆ | ૨૪. | પીંગળી | મુકેશભાઈ કાળુસિંહ સોલંકી | ૩૭. | વેજલપુર | નિરજ કુમાર નિકુંજભાઈ પટેલ |
| ૧૨. | કણજરી | વિણાબેન ઇશ્વરભાઈ નાયક | ૨૫. | રજાયતા | કોકીલાબેન સરદારભાઈ કિશોરી | ૩૮. | ઝીંઝરી | વરજુબેન રમેશભાઈ રાઠવા |
| ૧૩. | કાંકણપુર | પંકજકુમાર રૂમાલસિંહ પરમાર | ૨૬. | રવાલીયા | કુલીબેન પર્વતસિંહ ગોહિલ | | | |

## ગોધરા તાલુકા પંચાયતના જાહેર કરાયેલ ૩૨ ઉમેદવારોની યાદી

| ક્રમ | તા. પં. સીટ | ઉમેદવાર | ક્રમ | તા. પં. સીટ | ઉમેદવાર | ક્રમ | તા. પં. સીટ | ઉમેદવાર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અંબાલી | દિપકકુમાર મુકુન્દરાય પટેલ | ૧૨. | ગોલી | શોભનાબેન જશવંતસિંહ રાઠોડ | ૨૩. | નદીસર | મહેન્દ્રકુમાર ગોકળભાઈ માછી |
| ૨. | આંગળીયા | લીલાબેન સંજયભાઈ પટેલ | ૧૩. | ગોલ્લાવ-1 | મીનાક્ષીબેન ગજેન્દ્રસિંહ પરમાર | ૨૪. | ઓરવાડા | પુરશોત્તમભાઈ કોયાભાઈ બારીયા |
| ૩. | અસારડી | સુમિત્રાબેન વિજયભાઈ વસાવા | ૧૪. | ગોલ્લાવ-2 | મગનભાઈ સોનાભાઈ પટેલ | ૨૫. | રામપુર (જોડકા) | કનુભાઈ વજેસિંહ ચૌહાણ |
| ૪. | બાબ્બર | મગનભાઈ બીજલભાઈ પટેલ | ૧૫. | જીતપુરા | વિજયકુમાર સોમાભાઈ પરમાર | ૨૬. | રતનપુર (કાટડી) | ઇન્દુબેન વિક્રમભાઈ પરમાર |
| ૫. | ભામૈયા (પૂર્વ | ભારતીબેન ધનાભાઈ પટેલ | ૧૬. | જુની ધરી | ભાવેશભાઈ રમેશભાઈ માછી | ૨૭. | સામલી | રંજનબેન નરેન્દ્રસિંહ રાઠોડ |
| ૬. | બોડીદ્રા બુર્જગ-1 | વિમલાબેન દર્શનકુમાર બારીયા | ૧૭. | કાંકણપુર | દશરથસિંહ સોમસિંહ મકવાણા | ૨૮. | સાંપા-1 | લક્ષ્મીબેન હિતેશકુમાર પટેલ |
| ૭. | બોડીદ્રા બુર્જગ-2 | અર્જુનસિંહ નાનસિંહ બારીઆ | ૧૮. | કરસાણા | કેસરબેન કાંતીભાઈ પરમાર | ૨૯. | સાંપા-2 | શર્મિષ્ઠાબેન અશ્વિનભાઈ પલાદા |
| ૮. | ચંચોપા | રમણસિંહ શનાભાઈ ડામોર | ૧૯. | કેવડીયા | રાજેન્દ્રસિંહ સમરસિંહ પટેલ | ૩૦. | સાંકલી | ચેતનાબેન સુરેશભાઈ પટેલ |
| ૯. | ધાણીત્રા | પારૂલબેન વિનોદસિંહ પરમાર | ૨૦. | મહેલોલ | નવીનભાઈ ચીમાભાઈ રાઠવા | ૩૧. | ટીંબા | ધરતીબેન ગૌરાંગકુમાર પટેલ |
| ૧૦. | એરંડી | અનિતાબેન સચિનકુમાર પટેલ | ૨૧. | મહુલીયા | રતીબેન ગોપાલભાઈ રાઠવા | ૩૨. | વિંઝોલ | લક્ષ્મીબેન રામભાઈ ચારણ |
| ૧૧. | ગદુકપુર | સુનિતાબેન સુરેશભાઈ બારીયા | ૨૨. | મોટીકાંટડી | બિજરાજસિંહ ધર્મેન્દ્રસિંહ રાઉલજી | | | |

**●પ્રદેશ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માજીના અધ્યક્ષસ્થાને મળેલી પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠકમાં થયેલી વિસ્તૃત ચર્ચા અને મંથન બાદ આ નામો પર અંતિમ મહોર મારવામાં આવી હતી**

સુખસર તાલુકાની ત્રણ જિલ્લા પંચાયત બેઠક માટે 13 ઉમેદવારી પત્રો ભરાયા

# સુખસર મામલદાર કચેરીએ ફોર્મ ભરવા ઉમેદવારોનો ભારે ધસારો

( પ્રતિનિધિ ) સુખસર,તા.10

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના બ્યુગલ વાગી ચૂક્યા છે.ત્યારે આજે સુખસર ખાતે આવેલી મામલદાર કચેરીમાં ભારે ઉત્સાહ અને રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો માટે ઉમેદવારી નોંધાવવાના પ્રથમ તબક્કાઓ માંજ મોટી સંખ્યામાં ઉમેદવારો તેમના સમર્થકો સાથે ઉમટી પડ્યા હતા. ઢોલ-નગારા અને વિજયઘોષ સાથે આગમન સવારથીજ મામલદાર કચેરીનું મેદાન રાજકીય કાર્યકરોથી ઉભરાઈ ગયું હતું.વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો કેસરીયા અને અન્ય પક્ષીય ખેસ ધારણ કરી ઢોલ-નગારાના તાલે અને ગગનભેદી નારાબાજી સાથે કચેરીએ પહોંચ્યા હતા. સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જેના કારણે સમગ્ર સુખસર વિસ્તારમાં ચૂંટણીનો માહોલ જામ્યો હોય તેવું પ્રતીત થતું હતું. જનમેદનીને જોતા અને કોઈ પણ પ્રકારની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે વહીવટી તંત્ર દ્વારા અગાઉથી જ તૈયારીઓ કરાઇ હતી. ભીડને નિયંત્રિત કરવા માટે બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું. જેથી ઉમેદવારો શાંતિપૂર્ણ રીતે ફોર્મ ભરી શકે.આજરોજ સુખસર તાલુકા મામલતદાર તથા તાલુકા પંચાયત કચેરી ખાતે ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવ્યા હતા. જેમાં તાલુકા પંચાયતની 18 બેઠક માટે ભાજપના 27,કોંગ્રેસ પક્ષના 26, આપ પાર્ટીના 17 કુલ મળી 71 ફોર્મ ભરવામાં આવ્યા હતા.જ્યારે જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે ભાજપ 5,કોંગ્રેસ 4, આપ પાર્ટીના 4 મળી કુલ 13 ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળે છે.બાકીના ઉમેદવારો આવતીકાલે ફોર્મ ભરશે તેમ જાણવા મળે છે.



**ચૂંટણીના પરિણામો રસાકસીભર્યા હશે**

મામલદાર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઉમેદવારી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.ફોર્મ ભરવામાં કોઈ ભૂલ ન રહી જાય તે માટે અધિકારીઓ દ્વારા ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ પણ આપવામાં આવી હતી.વહીવટી તંત્રના સુચારુ આયોજનને કારણે ફોર્મ સ્વીકારવાની કામગીરી સરળતાથી સંપન્ન થઈ હતી. આવતીકાલે શનિવારના રોજ પણહજુ પણ વધુ ઉમેદવારો ફોર્મ ભરવા આવશે તેવી શક્યતા છે.જેના પગલે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.સુખસર પંથકમાં તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો માટે આ વખતે ખરાખરીનો જંગ ખેલાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.આજની આ ભીડ અને સમર્થકોનો જોશ આગામી ચૂંટણીના પરિણામો કેટલા રસાકસી ભર્યા હશે તેની ઝલક આપે છે.

વેજલપુર જિ. પં. બેઠક પર કોંગ્રેસના ઉમેદવારની ઉમેદવારી

# કાલોલ જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપની પેનલ જાહેર

(પ્રતિનિધિ) કાલોલ તા.10

કાલોલ તાલુકા પંચાયતની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ 24 ઉમેદવારોની સંપૂર્ણ પેનલ જાહેર કરીને ચૂંટણી પ્રચારનો શંખનાદ કરી દીધો છે. બાકરોલ અને એરાલ જ્યારે તા.પં.ની 24 બેઠકોમાંથી 11 બેઠકો પર મહિલા અનામત સીટ નાં ઉમેદવારોને ટિકિટ અપાઈ છે. અલવા, બાકરોલ, બેઢીયા, ચલાલી, દેલોલ, ખરસાલીયા, મલાવ, પલાસા, સણસોલી, સાતમણા, વેજલપુર અને વ્યાસડા બેઠકો પર મહિલા ચહેરાઓ મેદાનમાં ઉતરશે. ત્યારે એરાલથી તેજસકુમાર પરમાર, જંત્રાલથી અક્ષયકુમાર પંડ્યા અને ગુસરથી યુવરાજસિંહ જાદવ જેવા યુવા ચહેરાઓને તક અપાઈ છે. તો સામે અડાદરા, અલાલી, કરોલી જેવી બેઠકો પર સંગઠનમાં લાંબો અનુભવ ધરાવતા કાર્યકરોને મેદાનમાં ઉતાર્યા છે. અનામત સીટ પરથી ક્ષત્રિય, આદિવાસી, ઓબીસી અને સામાન્ય વર્ગના ઉમેદવારોનો સમાવેશ કરીને પક્ષે સામાજિક સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે. પ્રભાવિત બેઠકો પર સ્થાનિક આગેવાનોને પ્રાથમિકતા અપાઈ છે 4 બાકરોલ મીનાક્ષીબેન વિપુલભાઈ પરમાર,9 એરાલ મનિષાબેન જયંતીભાઈ નાયક,15 કરોલી નિરૂબેન ધર્મેન્દ્રસિંહ પરમાર,24 પીંગળી મુકેશભાઈ કાળુસિંહ સોલંકીઅને 37 વેજલપુર નીરજ કુમાર નિકુંજભાઈ પટેલ સાથે તા. પં.ની 24 બેઠકો જાહેર થયેલી યાદી સાથે અડાદરા યજુવેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ જાદવ, અલાલી જયપાલસિંહ દિલીપ સિંહ રાઠોડ,અલવા કિનાબેન જગદિશ કુમાર બારીયા, બાકરોલ મંજુલાબેન વિનોદભાઈ નાયક,બેઢીયા અમરત બેન અજયસિંહ ચૌહાણ, ચલાલી મિનાક્ષીબેન રાજેન્દ્રસિંહ ચૌહાણ, દેલોલ લીલાબેન વિક્રમસિંહ રાઠોડ,ડેરોલ ગામ સુરેશકુમાર લાલસિંગભાઈ ખડિયા,ડેરોલ સ્ટેશન સંજયભાઈ બકાભાઈ રાઠોડ એરાલ તેજસકુમાર અર્જુનસિંહ પરમાર, ગુસર યુવરાજસિંહ ગીરવતસિંહ જાદવ, જંત્રાલ અક્ષયકુમાર પ્રમોદ રાય પંડ્યા, કાનોડ વિરેન્દ્રસિંહ ગબાભાઈ ચૌહાણ,કરોલી ધર્મેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ જાદવ, ખડકી અનિલભાઈ બાબુભાઈ ગોહિલ, ખરસાલીયા ચંપાબેન મનહરભાઈ પરમાર, મધવાસ વિરેન્દ્રસિંહ ગીરવતસિંહ પરમાર,મલાવ રાજલ બેન ભૌતિકકુમાર પટેલ, પલાસા કોમલબેન જયેશસિંહ પરમાર, પીંગળી સંતોષકુમાર વેચાતભાઈ નાયકા, સણસોલી નયનાબેન અરવિંદસિંહ રાઠોડ, સાતમણા ઉર્મિલાબેન વિનોદસિંહ પરમાર, વેજલપુર મોહિનીબેન નિશાંતકુમાર શાહ,વ્યાસડા ચેતનાબેન શિશુનાથ સિંહ ઠાકોરની યાદી જાહેર થઇ છે.

કાલોલ તાલુકા પંચાયતની ટિકિટ વહેંચણીમાં ભડકો

# કાલોલની મલાવ બેઠકના ઉમેદવાર સામે ભાજપમાં બળવો, સામૂહિક રાજીનામા

(પ્રતિનિધિ) કાલોલ તા.10

કાલોલ તાલુકા પંચાયતની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ટિકિટ વહેંચણીને લઈને ભારતીય જનતા પાર્ટીમાં આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. તાલુકાની 'મલાવ' બેઠક જે સામાન્ય સ્ત્રી માટે અનામત છે, તેના પર ભાજપ દ્વારા જાહેર કરાયેલા ઉમેદવાર સામે સ્થાનિક કાર્યકરો અને આગેવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરપંચોની રજૂઆત છતાં અવગણનાનો આક્ષેપ મલાવ બેઠક હેઠળ આવતા મલાવ, ઉતરેડીયા, દેવપુરા અને સાલીયાવ ગ્રામ પંચાયતના સરપંચોએ અગાઉ સાંસદ અને ધારાસભ્ય સમક્ષ પોતાના વિસ્તારના સક્ષમ ઉમેદવારની માંગણી કરી હતી. તેમ છતાં, પક્ષ દ્વારા બહુમતી ગામોની જનભાવના અને માંગણીને નજરઅંદાજ કરી અન્ય ઉમેદવારના નામની જાહેરાત કરવામાં આવતા વિરોધનો વંટોળ ઉભો થયો છે. પાર્ટીના આ નિર્ણયથી નારાજ થઈને મલાવના સરપંચ અને કાલોલ તાલુકા ભાજપના ઉપપ્રમુખ જીગરભાઈ પટેલે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. તેમની સાથે મલાવ શક્તિ કેન્દ્રના સંયોજક રવિન્દ્ર શાહે પણ પક્ષમાંથી છેડો ફાડ્યો છે. આ ઉપરાંત, બુથ પ્રમુખ રમેશભાઈ સોલંકી અને અજયભાઈ પરમારે પણ પોતાના રાજીનામા જિલ્લા ભાજપ પ્રમુખ મયંક દેસાઈને મોકલી આપ્યા છે.ટિકિટ વહેંચણીમાં થયેલા અન્યાય સામે લડત આપવા માટે આજે મલાવ ખાતે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો અને સમર્થકો એકત્ર થયા હતા. સર્વ સંમતિથી એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, આ બેઠક પરથી માનસીબેન પ્રણવભાઈ પટેલ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે. સભામાં હાજર સમર્થકોએ તેમને જંગી બહુમતીથી વિજયી બનાવવાના શપથ લીધા હતા. જિલ્લા પંચાયતની બેઠક પર જોખમ?રાજકીય વિશ્લેષકોના મતે, તાલુકા પંચાયતની મલાવ બેઠક પર થયેલો આ ભડકો ભાજપ માટે ચિંતાનો વિષય છે. જો આ નારાજગી દૂર કરવામાં નહીં આવે, તો તેની સીધી અસર આગામી જિલ્લા પંચાયતની બેઠકના પરિણામો પર પણ પડી શકે છે. હાલ તો ભાજપના ગઢ ગણાતા આ વિસ્તારમાં કાર્યકરોનો બળવો પક્ષ માટે કાચું કપાયું હોય તેવી સ્થિતિ સર્જી રહ્યો છે.



ભાજપ,કોંગ્રેસ તથા આપ પાર્ટીના ઉમેદવારોએ શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉમેદવારી ફોર્મની કાર્યવાહી કરી

# ફતેપુરા તાલુકામાં ઉમેદવારોનો શક્તિ પ્રદર્શન, લોકસમર્થકો સાથે ઉમેદવારી ફોર્મ ભરાયા

( પ્રતિનિધિ ) સુખસર,તા.10

ફતેપુરા તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે.આજે ઉમેદવારો દ્વારા મોટી સંખ્યામાં સમર્થકો સાથે ભવ્ય રોડ શો યોજી ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા. ભાજપ, કોંગ્રેસ અને આપના ઉમેદવારો વચ્ચે ભારે ઉત્સાહ અને ઘસારો જોવા મળ્યો હતો.દરેક પક્ષના ઉમેદવારો તેમના સમર્થકો સાથે શક્તિ પ્રદર્શન કરતા તાલુકા પંચાયત કચેરી પહોંચ્યા અને ઉમેદવારી નોંધાવી. સ્થળ પર મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો એકત્ર થતાં ઉત્સાહભેર વાતાવરણ સર્જાયું હતું.આ સાથે તાલુકા તથા જિલ્લા પંચાયતના ઉમેદવારો દ્વારા પણ ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અપક્ષ ઉમેદવારો પણ મેદાનમાં ઉતરતા ચૂંટણીમાં રસપ્રદ ટક્કર જોવા મળશે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે ફતેપુરા પોલીસ દ્વારા તાલુકા પંચાયત કચેરી ખાતે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

જનતાની સેવાની દુહાઈ આપી લક્ષ્મણ રાજગોર અને મહિલા કાઉન્સિલરો એ કોંગ્રેસમાં પ્રવેશ કર્યો

# દાહોદ ભાજપના ગઢમાં મસમોટુ ગાબડું દિગ્ગજ પૂર્વ કાઉન્સલરો કોંગ્રેસમાં જોડાયા

( પ્રતિનિધિ ) દાહોદ,તા.10



નગર પાલિકાની આગામી ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સ્થાનિક રાજકારણ મા મસમોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી ચૂંટણી મા જુના જોગીઓ કાપીને તમામ વોડ મા નવા અને યુવા ચહેરાઓને મેદાનમાં ઉતરવાની જે નો રિપીટ થિયરી અપનાવવામાં આવી છે તેને લઈ ને પ્રક્ષ ના પાયાના કાર્યકરો અને પૂર્વ પ્રાધિકારીઓમાં ભારે રોસ જોવા મળી રહ્યો છે આ રોસ હવે ખુલ્લી બળવાખોરીના સ્વરૂપમાં સામે આવ્યો છે જેમાં ભાજપ ના પાંચ જેટલા પ્રભાવસળી પૂર્વ નગરસેવકોએ પક્ષ સાથે છેડો ફાડી વિધિવત રીતે કોગ્રેસ નો હાથ પકડ્યો છે દાહોદ જિલ્લા કોગ્રેસ પ્રમુખ હર્ષદ નિનામાની હાજરી માં આ તમામ નેતાઓએ કોગ્રેસ નો ખેસ ધારણ કરતા શહેર ના રાજકીય ફલક માં ભૂકંપ આવી ગયો છે પક્ષ પલટાની એ ઘટનાએ ભાજપ ના મજબૂત ગઢ ગણાતા દાહોદ ના સત્તાના સમીકરણો વેરવિખેર કરી દીધા છે ભાજપ માટે સોથી મોટો ફટકો કારોબારી ચેરમેન લક્ષ્મણ રાજગોર નુ રાજીનામુ માનવામાં આવે છે.


**જાહેર નોટીસ** તા.૦૮/૦૪/૨૦૨૬

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ હરેશ.એમ.સરાયા તે અમારા અસીલ શ્રી અલ્લારખ્ખા રસુલભાઈ દેલોલીયા રહે. લીમડી ફળીયા મું.તા.હાલોલ જી.પંચમહાલનાઓની સુચના અને ફરમાઇશથી જાહેર જનતાને આ નોટીસથી જણાવીએ છીએ કે મોજે ગામ હાલોલ, તા.હાલોલ, જી.પંચમહાલના ખાતા નં.૪૧૧ના રે.સર્વે.નં. ૨૬૦/પૈકી ૧ હે.આરે.પ્ર.આરે ૦-૧૧-૨૬ની બીનખેતી રહેણાંક બાંધકામ ઉપીયોગી જમીન જે (૧) કિશોરભાઈ રાવજીભાઈ પટેલ (૨) મીનાબેન રાવજીભાઈ પટેલ (૩) સંગીતાબેન રાવજીભાઈ પટેલ (૪) રાજશ્રીબેન રાવજીભાઈ પટેલનાઓનું સંયુક્ત માલીકી હક્કે રેવન્યુ રેકર્ડ ઉપર નામ ચાલે છે અને સદરહું જમીન ઉપર તેઓ કબજો ભોગવટો ધરાવે છે જેથી સદરહું જમીન અમારા અસીલ વેચાણ રાખવા માંગતા હોય આમ ઉપરોકત અનું.નં.૧ પોતે તથા અનું.નં.૨ થી ૪ના કુલમુખત્યાર તરીકે કિશોરભાઈ રાવજીભાઈ પટેલનાઓએ સદરહું સ્થાવર મિલ્કત માર્કેટેબલ અને ટાઈટલ કલીયર હોવાનું જણાવેલ હોય અમારા અસીલને વેચાણથી આપવા માંગતા હોઈ સદરહું મિલ્કત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક-અધિકાર, હિત-હિસ્સો, હકકદાવો, બોજો, ગીરો, કે લોન પોષાતો હોય તો દિન-૭માં તે અંગેનો લેખીતમાં વાંધો કે વિરોધ પુરાવા સહીત અમારી સમક્ષ રજુ કરવો. જો નિયત સમય મર્યાદામાં કોઈનો વાંધો કે વિરોધ નહી આવે તો કોઈનો પણ હકક-અધિકાર, હિત-હિસ્સો, દાવો, બોજો, ગીરો કે લોન હોય તો તે જતો (વેવ)કરેલ છે. તેમ માની અમો ટાઈટલ કલીયરનું સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપવામાં આવશે. ત્યાર બાદ કોઈની કોઈ પણ જાતની તકરાર ચાલશે નહી.જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામું :
હરેશ એમ. સરાયા (એડવોકેટ)
ફર્સ્ટ ફલોર, મુરાદવાલી ગલી,
ઓલ્ડ પ્રાઈમ બેંક પાસે, પટેલ વાડા
ગોધરા જી.પંચમહાલ મો.૯૯૭૯૩૨૧૭૯૩

અસીલની સુચના અને ફરમાઇયશથી
સહી/- અવાચ્ય
(એચ.એમ.સરાયા)
એડવોકેટ